કૉંગ્રેસની જૂથબંધીનો ફાયદો ઉઠાવી જિલ્લા અને તાલુકા પંચાયતો તોડવા ભાજપની મથામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિના બાકી રહ્યા છે ત્યારે કૉંગ્રેસમાં આંતરિક જૂથવાદ વકર્યો છે. જેનો ફાયદો ઉઠાવીને ભાજપે કૉંગ્રેસ શાસિત જિલ્લા અને તાલુકા પંચાયતો તોડવા માટે મથામણ શરૂ કરી દીધી હોવાનું કહેવેયા છે ૨૦૧૭ની ચૂંટણીમાં ૧૫૦ બેઠકોના લક્ષ્યાંકને પૂર્ણ કરવા ભાજપે પોતાના વિરોધી કૉંગ્રેસ પર વાર કરવાનો તખતો ગોઠવી દીધો છે. સૂત્રોના જણાવ્યા મુજબ કૉંગ્રેસ શાસિત જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ કૉંગ્રેસના સભ્યોને તોડવાના ભાજપે પ્રયાસો શરૂ કર્યો છે અને કેટલાક કૉંગ્રેસના સભ્યોનો સંપર્ક કરીને શામ-દામ-દંડની નીતિ અપનાવવામાં આવી રહી છે.

તાજેતરમાં મહેસાણા જિલ્લાના અનેક આગેવાનો, પાટીદાર અગ્રણીઓ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલને મળ્યા હતા અને તેમની સમક્ષ પોતાના કેટલાક મુદ્દાઓ રજૂ કર્યા હતા. આ મુદ્દાઓનું નિરાકરણ આવે તો કૉંગ્રેસના સભ્યોએ ભાજપમાં જોડાવવાની તૈયારી બતાવી હતી. નીતિન પટેલે તમામ આગેવાનોને હૈયાધારણ આપી હતી.

સૂત્રોએ ઉમેર્યું હતું કે મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના અનેક આગેવાનો, કૉંગ્રેસના સભ્યો સાથે પ્રધાન નીતિન પટેલે બંધ બારણે બેઠક યોજી હતી. ખાસ કરીને તે ૨૦૧૫ની ચૂંટણીમાં કોઈ સિમ્બોલ વિના ચૂંટણી લડીને વિજયી બનેલા ઊંઝા નગરપાલિકાના પ્રમુખ ઉપરાંત ઊંઝા પાલિકાના ભાજપ-કૉંગ્રેસના મોટા ભાગના સભ્યો સિમ્બોલ વગર ચૂંટણી લડ્યા હતા. હાલ જે સત્તામાં છે એમણે ભાજપ સાથે હાથ મિલાવવા લેખિત દરખાસ્ત આપી છે. આ ઉપરાંત મહેસાણા, વિસનગર ઉપરાંત અન્ય પાલિકા-પંચાયતના સભ્યોએ છેલ્લા કેટલાક દિવસથી ભાજપના નેતાઓને મળીને રજૂઆતો કરી છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને મહાનગર પાલિકા અને કેટલાક પાલિકા વિસ્તાર સિવાય જિલ્લા અને તાલુકા પંચાયતમાં ફટકો પડ્યો હતો. ૨૩૦ તાલુકામાંથી ૧૭૦થી વધુ પંચાયતો અને ૩૧ જિલ્લામાંથી ૨૭ જિલ્લા પંચાયતો કૉંગ્રેસે કબજે કરી હતી. હવે ભાજપ કૉંગ્રેસની જિલ્લા અને તાલુકા પંચાયતો તોડવા મથામણ કરી રહ્યું છે. ■

ગુજરાતના રાજ્યસભાના ત્રણ સાંસદની ચૂંટણી આઠમી જૂને યોજાશે

▸ અહેમદભાઈ પટેલ, સ્મૃતિ ઇરાની અને દિલીપ પંડ્યાની મુદત પૂર્ણ

અમદાવાદઃ રાજ્યસભાના ગુજરાતના ત્રણ સાંસદોની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી ચૂંટણીપંચે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જે સાંસદોની મુદત પૂર્ણ થઈ રહી છે જેમાં કૉંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલ તથા કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઇરાની અને દિલીપભાઈ પંડ્યાનો સમાવેશ થાય છે. આ ત્રણેય સાંસદો ગુજરાતમાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. ચૂંટણી પંચે રાજ્યસભાની દસ બેઠક માટેનો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે જેમાં ગુજરાતની ત્રણ બેઠકનો સમાવેશ થાય છે. ગુજરાતની ત્રણ બેઠકો માટેની ચૂંટણી આગામી તા. ૮મી જૂને યોજાશે. આ ચૂંટણીનું જાહેરનામું તા. ૨૨મી મેના રોજ જાહેર કરાશે. ચૂંટણીના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ તા. ૨૯મી મે છે જ્યારે તા. ૩૦મી મેના રોજ ફોર્મની સ્કુટિની થશે અને જરૂર જણાય તો તા. ૮મી જૂનના રોજ રાજ્યસભાની ચૂંટણીનું મતદાન યોજાશે. રાજ્યસભાના સાંસદોને ધારાસભ્યો મતદાન આપીને ચૂંટે છે એટલે ધારાસભ્યનું સંખ્યાબળ જોતા ત્રણેય બેઠકો બિનહરીફ બને એવી શક્યતા છે. કેન્દ્રીય પ્રધાન હોવાના નાતે ભાજપના સ્મૃતિ ઇરાનીનું નામ નક્કી છે જ્યારે ભાજપના દિલીપ પંડ્યાના સ્થાને કોને ટિકિટ આપવામાં આવે છે તે ભાજપનું હાઈકમાન્ડ નક્કી કરશે. તેમ જ કૉંગ્રેસમાં પણ સોનિયા ગાંધીના રાજકીય સચિવ હોવાના નાતે અહેમદભાઈ પટેલનું નામ પણ નક્કી જ છે એટલે રાજ્યસભાના સાંસદોની ત્રણ બેઠકોની ચૂંટણીમાં સ્મૃતિ ઇરાની તથા અહેમદભાઈ પટેલને રિપિટ કરાશે. પણ દિલીપભાઈ પંડ્યાના સ્થાને કોની પસંદગી કરવામાં આવે છે તે અંગે ભાજપના વર્તુળોમાં જુદાજુદા નામોની ચર્ચાઓ પણ થવા લાગી છે. ■

ગુજરાતમાં ફરી ભાજપની સરકાર આવશે તો મને જેલમાં ધકેલી દેવાશેઃ હાર્દિકને દહેશત

▸ ૨૧મીએ ૫૧ પાટીદારો કરાવશે મુંડન

અમદાવાદઃ રાજયમાં ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની હોવાથી ભાજપ અને કૉંગ્રેસ દ્વારા તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે પાટીદાર અનામત આંદોલનના આગેવાન હાર્દિક પટેલે દહેશત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફરી એકવાર ભાજપની સરકાર આવશે તો હું ફરી જેલમાં હશે. જોકે હું તો જેલમાં રહીને પણ ભગતસિંહવાળી કરતો રહીશ અને લુખ્ખાઓ તથા ગુંડાઓ સામે લડતો રહીશ. હાર્દિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આગામી ૨૦૧૭ ચૂંટણીમાં ભાજપને ૧૫૦ નહીં, પરંતુ ૮૦ સીટો પણ નહીં મળે, આગામી ચૂંટણી ભાજપે કૉંગ્રેસ જ નહીં યુવાનો, પાટીદારો અને દલિતોનો પણ સામનો કરવો પડશે. અમારો ઉદ્દેશ જ એ છે કે તાનાશાહીઓ ગુજરાતમાંથી હટવા જોઈએ. હાર્દિક પટેલ હાઈ કોર્ટના આદેશ મુજબ ગુરૂવારે સુરત ક્રાઈમ બ્રાંચમાં હાજર રહ્યાં હતા. તેમણે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં વડા પ્રધાનના આગમન અગાઉ બોટાદમાં ૫૦ હજાર પાટીદારોનું સંમેલન યોજવામાં આવશે. તેમ જ ૨૧મીએ બોટાદના લાઠીદડમાં પોતાના સહિત ૫૧ પાટીદાર યુવાનો મુંડન કરીને ન્યાય યાત્રા યોજશે. ૬૦ ગામમાં રેલી યોજી ભાવનગરમાં સિંહગર્જના કાર્યક્રમ આપવામાં આવશે. આગામી દિવસોમાં ગામડે ગામડે ફરીને પાટીદાર યુવાનોને તૈયાર કરવામાં આવશે. વર્તમાન સમયની ભાજપ સરકારે પાટીદારો સહિત તમામ લોકોને અન્યાય કર્યો છે. અવાજ દબાવવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે ૫૦ કાર્યકરો તૈયાર કરીને લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. જેના ભાગરૂપે આગામી ૨૦મીએ બોટાદમાં અધિકાર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપીઓ દ્વારા મહિલાઓ પર દુષ્કર્મ ગુજારી શોષણ કરવામાં આવે છે. તેમના વિરુદ્ધ ફરિયાદ થવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. જ્યારે બીજી તરફ પાસ દ્વારા નાનો સરખો વિરોધ પણ કરવામાં આવે તો તેમને જેલમાં ધકેલી દેવામાં આવે છે. પાટીદારો નહીં પણ દરેક સમાજનો અવાજ દબાવી દેવાની કોશિશ કરવામાં આવી રહી છે.■

પોરબંદરમાં બસ અને મોટરકાર વચ્ચે અકસ્માતમાં છનાં મોત

અમદાવાદઃ પોરબંદર જિલ્લાના રાણાવાવ નજીક મોટરકાર અને લકઝરી બસ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છ વ્યક્તિઓનાં મોત થતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. રાણાવાવ નજીક હાઈવે પર લકઝરી બસ પસાર થતી હતી ત્યારે મોટરકાર સાથે બસનો અકસ્માત નડ્યો હતો. બસની પાછળ મોટરકાર ઘૂસી ગઈ હોવાનું જાણવા મળે છે. અકસ્માતને પગલે મોટરકારમાં સવાર લોકોની મરણચીસોથી વાતાવરણ ગમગીન થઈ ગયું હતું. આ બનાવને પગલે સ્થાનિકો એકત્ર થઈ ગયા હતા. આ બનાવની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. માર્ગ અકસ્માતના બનાવમાં છ વ્યક્તિઓ મોત થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા છ લોકોની લાશને પીએમ અર્થે હોસ્પિટલ લઈ જવાઈ હતી. તેમ જ મૃતકોની ઓળખ મેળવવાની તજવીજ આરંભી હતી.■

બાવીસમીએ કંડલામાં વડા પ્રધાન ₹ ૯૯૬ કરોડના કામનું લોકાર્પણ કરશે

▸ કેન્દ્રીય પ્રધાન માંડવિયાએ કરી સમીક્ષા

અમદાવાદઃ આગામી તા.૨૨ મી, મે ૨૦૧૭ના રોજ નરેન્દ્ર મોદી કંડલા પોર્ટ ખાતે ઉપસ્થિત રહીને કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ -ખાતમૂહૂત કરવાના છે. આ કાર્યક્રમની પૂર્વ તૈયારી તથા કાર્યક્રમની સમીક્ષા કેન્દ્રીય પ્રધાન મનસુખભાઇ માંડવિયાએ કંડલા ખાતે કરી હતી. કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ અંગે કરેલ તૈયારીનું નિરિક્ષણ કર્યું હતું. મોદી કંડલા ખાતે ઉપસ્થિત રહી કંડલા પોર્ટ ટ્રસ્ટના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતર્મૂહુત કરવાનાં છે. તેમાં બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટરરૂા.૧૫.૨૬ કરોડના ખર્ચે, ૧૪ મી કાર્ગો બર્થનું નિર્માણ રૂા.૨૫૩ કરોડકરોડના ખર્ચે, ૧૬ મી કાર્ગો બર્થનું નિર્માણ રૂા.૨૭૮ કરોડકરોડના ખર્ચે, કચ્છ સાલ જંકશન પર રેલવે બ્રીજ રૂા.૨૩૩કરોડના ખર્ચે, ૨ મોબાઇલ હાર્બર ક્રેન રૂા.૯૪ કરોડના ખર્ચે, કંડલા પોર્ટ પર ખાતરના હેન્ડલીંગનું મિકેનીક વર્ક રૂા.૧૨૨ કરોડના ખર્ચે નિર્માણ કરવા ખાતર્મૂહત કરવામાં આવશે. ■

ગુજરાતની શાખ વધારે તેવી સેવા-નિષ્ઠા પોલીસકર્મીઓ બજાવેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ મહાત્મા ગાંધી, સરદાર સાહેબની આ ભૂમિમાં તેઓ ગુજરાતની જનતા જર્નાદનની રક્ષા સુરક્ષાના અંતરનાદનું દાયિત્વ જગાવે એવું મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાજ્યના પોલીસ દળમાં ભરતી કરાયેલા નવ નિયુક્ત પોલીસ જવાનોને આહ્વાન કર્યું હતું. તેમણે ગુજરાતનું પોલીસદળ રોલ મોડેલ પોલીસ બને, વિશ્વની પોલીસ ગુજરાત પોલીસ પાસે પદાર્થપાઠ શીખવા આવે તેવી શાખ ઊભી કરવાની અપીલ પણ તેમણે કરી હતી. ગુજરાત પોલીસ યુવાનોથી તરબરતર યુવા પોલીસ છે તેમ સ્પષ્ટપણે જણાવતાં રૂપાણીએ કહ્યું કે, છેલ્લા આઠ વર્ષમાં ૫૦ હજારની ભરતી થઇ તેમાંથી ૨૬ હજારની ભરતી માત્ર દોઢ વર્ષમાં કરવામાં આવી છે. વિકાસની નવી ક્ષિતિજો આંબવા કાયદો-વ્યવસ્થા, સુરક્ષા સલામતિને પ્રાધાન્ય અમે આપ્યું છે. રાજ્ય સરકારે ગૃહ વિભાગ અને પોલીસ ભરતી બોર્ડને પારદર્શી અને વાદ-વિવાદરહિત ભરતી માટે અભિનંદન પાઠવ્યા હતા. મુખ્ય પ્રધાને ટિપ્પણી કરતાં કહ્યું કે, ભૂતકાળમાં ભરતી પ્રક્રિયાઓ વચેટિયા, દલાલો, મિડલમેનથી ખદબદતી હતી. મા-બાપ પેટે પાટા બાંધી દેવુ કરી પોતાના સંતાનની નોકરી મેળવતા. આજે એવી જડબેસલાક વ્યવસ્થા આ સરકારે કરી છે કે આ ૧૮ હજાર નવયુવાનોએ એક પણ કાણી પાઇ કોઇને આપ્યા વિના પોતાના કૌશલ્યથી સજ્જતાથી નોકરી મેળવી છે. આ પ્રસંગે ગૃહ રાજ્ય પ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતની સ્થાપના પછી એક સાથે ૧૮૦૦૦ જેટલી પોલીસ ભરતીનો આ પ્રથમ ઐતિહાસિક પ્રસંગ છે. પોલીસ મહાનિદેશક ગીતા જોહરીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, પોલીસ દળની આ ભરતીમાં ૪૫૨૭ જેટલી મહિલાઓનો પણ પોલીસ ભરતીમાં સમાવેશ કરી મહિલા સશક્તિકરણની ગુજરાતની છબીને ઉજાગર કરી છે. ■

કડીમાં ક્રિકેટ સટોડિયાઓનો પોલીસ પર ગોળીબાર

▸ મહિલા પીએસઆઈ સહિત ચાર પોલીસ કર્મચારી ઘવાયા

અમદાવાદઃ મહેસાણાના કડી નજીક આવેલા આદુંદરા ગામે આઈપીએલ મેચ પર સટ્ટો રમતા સટોડિયાઓ ઉપર પોલીસે છાપો માર્યો હતો. દરિમયાન લોકોએ પોલીસ ઉપર સશસ્ત્ર હુમલો કરતાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સ્ફોટક પરિસ્થિતિને અંકુશમાં લેવા પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ટોળાએ પોલીસ પર કરેલા હુમલામાં મહિલા પીએસઆઈ સહિત ચાર પોલીસ કર્મચારીઓને ઈજાઓ થઈ હતી. કડી તાલુકાના આદુંદરા ગામમાં નગીન ઉર્ફે પાઈલોટ બળદેવભાઈ પટેલ, ચીનુભાઈ પટેલ અને રોનક પટેલ નામના સટોડિયાઓના મકાનમાં આઈપીએલની મુંબઈ અને પુણે વચ્ચેની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા હતા. બાતમીના આધારે મહેસાણા એલસીબી, એસઓજી અને કડી પોલીસે સંયુક્ત દરોડો પાડતાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે દરોડા પાડતાં જ સટોડિયા અને તેમના સાગરીતોના ટોળાએ પોલીસ પર ધોકા-પાઈપ અને તલવારથી હુમલો કરતાં દોડધામ થઈ ગઈ હતી. બેકાબૂ બનેલા ટોળાને અંકુશમાં લેવા પોલીસને બે રાઉન્ડ ગોળીબાર કરવાની ફરજ પડી હતી. સટોડિયાઓએ કરેલા હુમલામાં મહીલા પીએસઆઈ ટી.એન.વાઘેલાને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ■

ધોરાજીમાં રસ્તા અને ગંદકીના વિરોધમાં લોકોએ સ્વયંભૂ બંધ પાળી વિરોધ વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ ધોરાજીમાં રોડ અને ગંદકીના મામલે આપવામાં આવેલા બંધના એલાનને લોકોએ ટેકો આપીને વેપાર-ધંધા બંધ રાખીને રોષ વ્યક્ત કર્યો હતો. તેમ જ ધોરાજી ન.પાના સત્તાધીશોને પ્રાથમિક સુવિધાઓ ઝડપથી પૂરી પાડવા માગણી કરી હતી. ધોરાજીમાં રોડ રસ્તાના પ્રશ્ને છેલ્લા ૪ વર્ષથી પ્રજા યાતના ભોગવી રહી છે. ૭૦થી વધુ લોકોને કાદવ કિચડ-ખાડામાં પડી જવાથી ફ્રેકચર થયા છે અને પ્રજાએ છેલ્લા ૪ વર્ષથી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કર્યું હતું. ત્યારે ભાજપના લોકોએ મહિલાઓ ઉપર લાઠીચાર્જ કરી ખોટા કેસમાં ફસાવી દીધા હતા. તેમ જ પ્રજાનો અવાજ ભાજપે સત્તાના જોરે દબાવી દીધો હતો. ત્યાર બાદ વકીલ મંડળએ પ્રજાના વ્હારે આવી પ્રથમ ન્યાયને માન આપી ધોરાજી કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. કોર્ટે ચુકાદો આપ્યા બાદ ધોરાજી નગરપાલિકાએ કોઇ જ કાર્યવાહી નહીં કરતા અંતે ધોરાજી સેસન્સ કોર્ટમાં ધોરાજી નગરપાલિકાના સતાધીશો અને ચીફ ઓફિસર સામે ફરિયાદ કરી હતી. કોર્ટે પણ કડક શબ્દોમાં નગરપાલિકાના સતાધીશોની ઝાટકણી કાઢતા ન્યાયને માન આવવાના બદલે ધોરાજી નગરપાલિકા સતાધીશોએ કોર્ટ બદલાવવાની માગણી કરતા ધોરાજીની પ્રજામાં નગરપાલિકા કચેરી સામે રોષ ફાટી નીકળ્યો હતો. અંતે વિશાળ જનસમર્થન મીટિંગ વકીલ મંડળ યોજતા ગુરૂવારે ધોરાજી બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ગુરૂવારે ધોરાજીમાં લોકોએ સજ્જડ બંધ પાળી સ્વયંભૂ રોષ પ્રગટ કર્યો હતો. તેમ જ જયાં સુધી રાજકોટ જિલ્લા કલેકટર રૂબરૂ આવી પ્રજાને ખાતરી નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ વકીલ મંડળએ જણાવેલ હતું. વકીલ મંડળ એસો. લડત સમિતિના ચંદુભાઇ શિરોયા (પટેલ)એ જણાવ્યું હતું કે ધોરાજી શહેરમાં છેલ્લા ૪ વર્ષથી પ્રજા ખખડધ્વજ રોડ-રસ્તા ભૂગર્ભ ગટર અને પાણીની પાઇપ લાઇનના આડેધડ ખોદકામના કારણે અને નબળા કામો અને ભ્રષ્ટાચારના કારણે હેરાન પરેશાન થઇ ગઇ છે. આ બાબતે છેલ્લા ૪ વર્ષથી ધોરાજી નગરપાલિકા સામે પ્રજા જનઆંદોલન ચલાવે છે. તેમ છતાં તંત્ર જાગતું નથી. ■

સુરેન્દ્રનગરમાં ₹ ૬૦ લાખનું સોનું લઈને આંગડિયા પેઢીનો કર્મચારી ફરાર

સુરેન્દ્રનગરઃ શહેરની ઝવેરી બજારમાંથી ૧૨ સોની વેપારીઓનું રૂ.૬૦ લાખનું ૨ કિલો સોનું લઇને લીંબડીનો આંગડિયા પેઢીનો કર્મચારી રફુચક્કર થઇ ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સુરેન્દ્રનગર શહેરમાં આવેલા ઝવેરી બજારમાં દરરોજ રાજકોટ ખાતે ૨ કિલોથી વધુ સોનું ઘડાઇ કરાવવા માટે મોકલાય છે ત્યારે અમદાવાદના ઝવેરી બજારમાં અંદાજિત રોજનું ૫ કિલો સોનાની લેતી દેતી થાય છે. મુંબઇ ખાતે સફેદે ગોલ્ડ એન્ડગ્રીલ્ડ સોનું અને સોનું મળી દરરોજનુ ૧૦ કિલો સોનું ઘડાવવા માટે બજારમાં જાય છે. આમ સુરેન્દ્રનગર શહેરના ઝવેરી-સોની વેપારીઓ આંગડીયા પેઢી-એટલે એમનાજ સમાજના યુવાનોને આવી કામગીરીમાં રોકવામાં આવ્યા હોવાનું હાલમાં જાણવા મળી રહ્યુ છે. દરેક શહેરોમાંથી દરરોજ સોનું ઘડાઇ સુરેન્દ્રનગર આંગડીયાઓ મારફતમાં આવતું હોય છે. ત્યારે લીંબડીનો આંગડીયા કર્મચારી ૨ કિલો સોનું લઇ ગયા બાદ મોબાઇલ સ્વીચઓફ કરી દેતા વેપારીઓમાં ચિંતા પ્રસરી ગઇ હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને આંગડીયા પેઢીના કર્મચારીને ઝડપી લેવા તજવીજ આરંભી હતી. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

Brihan Mumbai Electric Supply & Transport Undertaking
(OF THE BRIHANMUMBAI MAHANAGARPALIKA)

સુધારો

સંદર્ભ નં.-PRO/AAM(M)/૦૧/૨૦૧૭ અન્વયે ૭/૪/૧૭ના રોજ પ્રસિદ્ધ થયેલ ઈ-ટેન્ડર અંગે.

ટેન્ડર નં. ૩૩૨૯૬: સ્વીચ બોક્ષ 'બી' ટાઈપ, FRP સ્લાઈડીંગ કવર સાથે

વિષયઃ- સુધારો

ટેન્ડરરોને આથી વિનંતી કે અમારી વેબસાઈટ www.bestetender.com ઉપર સુધારાની નોંધ લે અને તદ્અનુસાર તેમના સુધારેલા બીડ્સ અપલોડ કરે. તેમજ, કૃપયા નોંધ લેવી કે ટેન્ડર વિસ્તારાયેલ છે અને સુધારેલ બીડ અંતિમ તારીખ હવે ૩૦/૫/૧૭ છે.

PRO/AAM(M)/32/2017 જનરલ મેનેજર

BESTના વીજળીના બિલો જોવા તથા ચૂકવણી કરવા miBEST મોબાઈલ એપનો ઉપયોગ કરો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

પર્યાવરણ વિભાગ
ક. DYCHE/૫૦૮/ENV તારીખ ૧૭ મે, ૨૦૧૭
ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ

વિભાગ	ચી.એ. (SWM)
પેટા-વિભાગ	ડે.ચી.એ. (સિવિલ) પર્યાવરણ
ટેન્ડર નં.	૭૧૦૦૦૯૯૩૩૬
વિષય	એમ/ઈ વોર્ડમાં દેવનાર ડમ્પીંગ ગ્રાઉન્ડ ખાતે પ્રશાસકીય ઈમારતનાં સમારકામો
કુલ અંદાજિત કિંમત	રૂા. ૪૫,૨૯,૦૮૭/-
બા.ર.ડી.	રૂા. ૪૫,૨૯૦/-
ટેન્ડર-વેચાણ	૧૯.૦૫.૨૦૧૭ના સ. ૧૧.૦૦ ક. થી ૦૯.૦૬.૨૦૧૭ના બ. ૧૨.૦૦ ક. સુધી
વેબસાઈટ	http://portal.mcgm.gov.in
સંપર્ક વ્યક્તિ	સબ. એન્જીનીઅર (સિવિલ) SWM
નામ	શ્રીમતિ પ્રાચી જિદાગી
ટેલિફોન નં.	૮૬૦૫૬૮૬૮૬૧
ઈમેઈલ-આઈડી	dycheenvcivcity@gmail.com અથવા mcgmenvironment@gmail.com

સહી/-
PRO/261/ADV./2017-18 એક્ઝી. એન્જી. (સિવિલ) SWM, WS

પાણી બચાવો, પાણી મૂલ્યવાન છે.

મધ્ય રેલવે
સુધારા નં. ૨

ટેન્ડર નં. RR/PR/WC/૯૧૬/૨૦૧૬-૧૭/૨૨૮ તારીખ ૧૭/૦૫/૨૦૧૭ કામનું નામઃ કોચીસનું રીકર્બીશીંગ. અ.ક્ર. ૧ વર્ણનઃ- સુપ્રતિની અંતિમ તારીખઃ મોજુદ ક્લોઝઃ ૨૫/૦૫/૨૦૧૭ના ૧૨.૧૫ ક. સુધી. સુધારિત ક્લોઝઃ ૩૧/૦૫/૨૦૧૭ના ૧૨.૦૦ ક. સુધી. અ.ક્ર. ૨ઃ વર્ણનઃ ખોલવાની તારીખ, મોજુદ ક્લોઝઃ ૨૫/૦૫/૨૦૧૭ના ૧૨:૩૦ ક. સુધારિત ક્લોઝઃ ૩૧/૦૫/૨૦૧૭ના ૧૨:૧૫ ક. 158

રેલ સંબંધિત સૂચનો/ફરિયાદો માટે ૧૩૮ ડાયલ કરો

પશ્ચિમ રેલવે
વિવિધ કંસ્ટ્રકસન કાર્યો

ઈ-ટેન્ડર નોટીસ. ડે. ચીફ એન્જીનીઅર (કંસ)I પશ્ચિમ રેલવે પ્રતાપનગર, વડોદરા ૩૯૦૦૦૪, નીચે અપાયેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર નં.: Dy. CE/C/I/BRC/CTD- ધાર/૮૬ મંગાવે છે. કામનું નામઃ CTD-ધારના નવી લાઈન પ્રોજેક્ટના સંબંધમાં અલીરાજપુર- જોબાત સેકસનના ૫૦.૦૦થી ૭૪.૦૦ કિમી (અલીરાજપુર યાર્ડ સિવાય અને જોબાત યાર્ડ સહિત) વચ્ચે સેકસન/ યાર્ડસમાં મેન અને લૂપ લાઈન્સ માટે BGની પાથરણી અને લીંકીંગ, રેલ રીન્યુઅલ, પી. વે મટીરીયલ્સના પરિવહન, રી-ગ્રેડીંગ દ્વારા અને અન્ય ઈન્સીડેન્ટલ પરચુરણ કામો. કામનો અંદાજિત ખર્ચઃ ₹ ૩,૦૫,૩૦,૯૯૯.૬૯. બારડીઃ ₹ ૩,૦૨,૬૬૦/- બિડીંગ માટે ઓન લાઈન ટેન્ડરની ઉપલબ્ધતાઃ ૦૩.૦૬.૨૦૧૭ના ૧૧.૦૦ થી ૨૨.૦૬.૨૦૧૭ના ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૨૨.૦૬.૨૦૧૭ના ૧૫.૩૦ ક. સુધી. ટેન્ડર દસ્તાવેજની કિંમત (પરત ન મળવાપાત્ર), બારડી, લાયકાતના માપદંડ, સમાન પ્રકારનું કામ, વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર નોટિસ સંબંધીત કૃપયા મુલાકાત લેશો. www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવાશે નહીં.

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે મુંબઈ ડિવિઝન (ઉપનગર)

અ. ક્ર.	ટેન્ડર નોટિસ નં. અને તારીખ	કાર્ય અને સ્થળ	કામની અંદા. કિંમત ₹	બારડી ₹	સુપ્રતિની તારીખ અને સમય	ખોલવાની તારીખ અને સમય
૧	BCT/૧૭-૧૮/૩૦ તા. ૧૫/૦૫/૨૦૧૭	CCG-VR સેકશનઃ ક્લોઝઃ કલ્વર્ટનું બાંધકામ અને પાઈપના રીમુવલ દ્વારા EPR ખાતે કલ્વર્ટ નં. ૧૧નું રીપેર્સ અને ઓગમેન્ટેશન્સ	૬૪,૩૦,૮૨૦.૦૦	૧,૨૮,૬૨૦/-	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૦૦ ક. સુધી	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૩૦ ક.
૨	BCT/૧૭-૧૮/૩૧ તા. ૧૬/૦૫/૨૦૧૭	સાંતાક્રુઝ-વિરાર સેકશનઃ ૦૨ વર્ષ માટે SSE (W-II) બોરીવલીના અધિકાર ક્ષેત્ર હેઠળ ટ્રેનેજ સીસ્ટમનો નિભાવ	૧૭,૦૪,૩૩૯.૩૬	૩૪,૧૦૦/-	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૦૦ ક. સુધી	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૩૦ ક.
૩	BCT/૧૭-૧૮/૩૨ તા. ૧૬/૦૫/૨૦૧૭	જોગેશ્વરી (AT) ગોરેગામ, મલાડઃ ૦૨ વર્ષની મુદત માટે રેલવે કોલોનીની ટ્રેનેજ સીસ્ટમ (સ્યુઅરેજ અને સ્ટોર્મ વોટર)નો નિભાવ	૭,૮૬,૭૨૧.૯૨	૧૫,૭૫૦/-	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૦૦ ક. સુધી	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૩૦ ક.
૪	BCT/૧૭-૧૮/૩૩ તા. ૧૬/૦૫/૨૦૧૭	વિરાર (કારશેડ) - કારશેડમાં લેન્ડ સ્કેપીંગ અને ગાર્ડન ડેવલપમેંટ વર્ક્સનો નિભાવ	૧૨,૦૯,૨૭૬.૯૫	૨૪,૨૦૦/-	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૦૦ ક. સુધી	૨૩/૦૬/૨૦૧૭ના ૧૫.૩૦ ક.

ટેન્ડર ફોર્મ કાર્યાલય ખાતેથી ઉપલબ્ધઃ- DRM(W), BCT, ૫મા માળે, મુંબઈ સેંટ્રલ.
નોંધઃ ઈ-ટેન્ડર વિગતો સંબંધિત કૃપયા મુલાકાત લેશો www.ireps.gov.in મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવાશે નહીં.
અમને લાઈક કરો : facebook.com/WesternRly અમને ફોલો કરો : twitter.com/WesternRly